જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૭/૨૦૨૧ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૮૧/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૫ | ૦ | ૧૧૬૩૫ | ૧૭૭૪૬ | ૦ | ૧૭૭૪૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૭ | ૦ | ૬૨૬૭ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૨ | ૦ | ૧૦૨ | ૩૫૨ | ૦ | ૩૫૨ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૬૩૨૭ | ૯૫ | ૬૬૪૨૨ | ૬૭૦૪૨ | ૧૧૫ | ૬૭૧૫૭ |
| કુલ | | ૮૨૭૯૬ | ૯૫ | ૮૨૮૯૧ | ૯૧૪૦૭ | ૧૧૫ | ૯૧૫૨૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૦ | ૨,૩૨,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૩૨ | ૧૧,૩૨,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ, ૨૪૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન અને ૨ રિક્ષા કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૪/૨૦૨૧**

**વાસણાઃ** જયેશકુમાર કરશભાઇ ચાવડા (ઉ.વ.૩૦) (રહે.રાજીવનગર વિભાગ-૪, ન્યુ સમર્થ હાઇસ્કુલ પાસે, જીવરાજ પાર્ક) એ તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૦ થી તા.૦૩/૮/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રતિક રાકેશભાઈ પાલ (રહે. વૈદહી રેસીડન્સી વસ્ત્રાલ રામોલ) જયેશકુમાર પાસેથી હાથ ઉછીના રૂપિયા ૧૩,૦૫,૦૦૦/- લઈ જઈ, જે પૈકી રૂપિયા ૩,૭૦,૦૦૦/- પરત આપી બાકીના રૂપિયા ૯,૩૫,૦૦૦/- પરત નહી આપી જયેશકુમાર ચાવડા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** કોકીલાબહેન રમેશચંદ્ર ઠક્કર (ઉ.વ.૮૩) (રહે. જયક્રિષ્ણા સોસાયટી ઇસનપુર સ્મશાનગૃહ સામે ઇસનપુર) એ તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી ૨૦૨૧ પહેલા ગેસ સીલીન્ડર ભરાવવા બાબતે આરોપી તેજસ કોષ્ટી (રહે. ઇસનપુર, અમદાવાદ) સાથે તેમની સાથે ઓળખાણ થતા લોક ડાઉન દરમ્યાન તેજસ કોષ્ટીને કોકીલાબહેને આર્થિક મદદ કરેલ હતી. ત્યારબાદ કોકીલાબહેનને વિશ્વાસમાં લઇ બેંકમાં લઇ જઇ કોકીલાબહેન પાસે કોરા ચેકમાં સહીઓ કરાવી લઈ કોકીલાબહેનના ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૮,૮૫,૦૦૦/- ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૫/૨૦૨૧**

**નવરંગપુરાઃ** રીકીન પ્રકાશભાઇ દોશી (રહે. સારાંશ એમ્બિઅંશ જીવરાજ હોસ્પિટલ સામે વાસણા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૧ કલાક ૪/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા મીઠાખળી અંડરબ્રીજ પાસે ખ્યાતિ કોમ્પલેક્ષમાં રૂષભ કેમીસ્ટ નામની મેડીકલની દુકાનના દરવાજાનુ શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૧,૭૮,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**વેજલપુરઃ** અસ્માલભાઇ એહમદભાઇ સંઘરીયાત (રહે. સીલીકોન રેસીડેન્સી તાજપીર ટેકરા સરખેજ) એ તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૭/૨૦૨૧ રાતના ૯/૩૦ થી તા.૩૦/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ફતેહવાડી એ.આર.રહેમાન પ્લાઝા નામના કોમ્પલેક્ષમા ફોન સીટી રીટેલ્સ પ્રાઈવેટ લીમીટેડ નામની દુકાનના દરવાજાનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી અલગ-અલગ કંપનીના મોબાઈલ નંગ-૧૩ કિમત રૂપિયા ૧,૭૮,૭૯૮/- અને રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૪,૭૯૮/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**આનંદનગરઃ** હિરેનભાઈ રમેશચંદ્ર પટેલ (રહે. શાશ્વત એપાર્ટમેન્ટ અણમોલ બંગ્લોઝની બાજુમા ન્યુ રાણીપ) એ તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૨૯/૦૭/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન જીવરાજ બ્રીજ નજીક આવેલ સન ગ્રેવીટાસ બિલ્ડિંગની સાઈટના સ્ટોરરૂમનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી બિલ્ડિંગને લગતી અલગ-અલગ વસ્તુઓ કિમત રૂપિયા ૧,૬૯,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

## <u>લુંટની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૮૬/૨૦૨૧</u>

**શાહીબાગઃ** કરસન કાનાભાઇ ચાવડા (ઉ.વ.૫૦) (રહે. સરદાર પાર્ક સરદાર શેરી નંબર-૫, હરીયા કોલોજ રોડ, જામનગર) એ તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કરસન ચાવડા પોતાના સંબંધીની સારવાર કરાવવા સીવીલ હોસ્પીટલ આવ્યા હતા અને તા.૨૮/૦૭/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે યુ.એન.મહેતા હોસ્પિટલથી ઓટો રીક્ષામાં બેસી અસારવા સિવિલ હોસ્પિટલ પાસે બિપીન કોમ્પલેક્ષ સામે આવેલ મંદિર નજીક રિક્ષામાંથી ઉતર્યા હતા અને ભાડું આપતા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ પુરૂષ કરસન ચાવડાના પર્સમાં પૈસા જોઈ જતા રિક્ષા ચાલકની મદદગારીથી આ પુરૂષે કરસન ચાવડાને છરો બતાવી ધમકાવી કરસન ચાવડાના ખિસામાંથી પર્સ લુંટ કરી નાસી ગયા હતા. પર્સમાં રોકડ રૂપિયા ૪૭,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

## <u>ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૮૭/૨૦૨૧</u>

**ઇસનપુરઃ** મનોજકુમાર ઓકારમલ ખેદાર (ઉ.વ.૪૦) (રહે. ઇસરાકી ઢાલી, ટીટનવાડ તા.ઉદયપુરવાટી જી.જુનજુનુ રાજસ્થાન) તા.૩૦/૦૭/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા ઇસનપુર કેડીલા બ્રિજના નીચે વટવા કાંકરીયા તરફ જતી રેલ્વે ડાઉન લાઇન તથા અપલાઇન વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

**<u>ક્રેન પલ્ટી ખાઈ જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૮/૨૦૨૧</u>**

**પાલડીઃ** પાલડી પરીમલ અંડરપાસ ઉપર લેબર કોલોની ખાતે રહેતા અને રવિ બિલ્ડર્સમા હેલ્પર તરીકે નોકરી કરતા ગુલામ દસ્તગીર મોહમદ હુસૈન મન્સુરી (ઉ.વ.૨૨) ( મુળ વતન- ગામ કોયરીટોલા ઇમામવાડા પાસે રામગઢ ઝારખંડ) તા.૩૦/૦૭/૨૦૨૧ બપોરના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પાલડી જલારામ મંદીર પાસે નવા બનતા અંડરપાસ ખાતે ક્રેન પલ્ટી ખાઇ જતા ગુલામદસ્તગીર મન્સુરી ક્રેન નિચે દબાઇ જતા સારવાર માટે તેમને જીસીએસ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૯/૨૦૨૧</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રમેશભાઈ ભગવાનભાઈ મકવાણા (ઉ.વ.૩૧) (રહે. દુધવાળી ચાલી વકીલના છાપરાં બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૭/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ પાસે ફુલબજાર જમાલપુર રીવરફ્રન્ટ વોક-વે રેંપ નંબર-૨ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેકુમાર દુરબિનસિંહ ચલાવે છે.

**ખોખરાઃ** લક્ષ્મીબહેન રમેશભાઇ કોરી (ઉ.વ.૪૯)(રહે.ખોડીયારનગર હાટકેશ્વર સર્કલ પાસે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૭/૨૦૨૧ કલાક ૮/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ખોખરા પોલીસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી